આકાશવાણી ભુજ

સમાચાર વાચક : કૃપાલી મહેચ્છા

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારીખ:-14-10-2024 સમય:-સવારે 6.50 કલાકે

---

# વીજ ઉત્પાદન સીએમ

નરેન્દ્ર મોદીના મુખ્યમંત્રી તરીકે અને દેશનાં પ્રધાનમંત્રી તરીકેના 23 વર્ષનાં કાર્યકાળમાં રાજ્યએ પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરી છે. રાજ્યએ વીજ ઉત્પાદનમાં કુલ 52 હજાર 424 મેગાવોટની સ્થાપિત ક્ષમતા હાંસલ કરી છે, જેમાં 50 ટકાથી વધુ એટલે કે 25 હજાર 472 મેગાવોટ પુનઃપ્રાપ્ય સ્ત્રોતોમાંથી આવે છે. આ સીમાચિહ્ન હાંસલ કરનાર ગુજરાત પ્રથમ રાજ્ય બન્યું છે.

**RNU અમદાવાદ**

---

# જળસંચય

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે, જનભાગીદારીથી જળસંચયનો લક્ષ્ય હાંસલ કરવા માટે મહા અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. ગઈકાલે સુરતમાં જળસંચય, જનભાગીદારી, જન આંદોલનના મહા અભિયાન કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ ગુજરાતમાં જળસંચય ક્ષેત્રમાં નોંધપાત્ર કામગીરી થઈ હોવાનું જણાવ્યું હતું.

ઇનડોર સ્ટેડિયમ સ્થિત કાર્યક્રમમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલ, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવ, રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્મા અને બિહારના નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. આ અભિયાનનો સૌથી મોટો લાભ રાજસ્થાનને થશે.

**RNU અમદાવાદ**

---

## GNLU વિકાસ સપ્તાહ

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ભાનુબેન બાબરિયાના અધ્યક્ષસ્થાને ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી-GNLU, ગાંધીનગર ખાતે 'વિકાસ સપ્તાહ' અંતર્ગત 'વંચિતો વિકાસની વાટે' કાર્યક્રમ યોજાશે. 15મી ઓક્ટોબરે ભાનુબેન બાબરિયાના હસ્તે રાજ્યના 21 જિલ્લાના 4 હજાર 900થી વધુ લાભાર્થીઓને 68 કરોડથી વધુની લોન-સહાયનું વિતરણ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં સામાજિક ન્યાય રાજ્યમંત્રી ભીખુસિંહજી પરમાર ઉપરાંત લાભાર્થીઓ પણ ઉપસ્થિત રહેશે.

**RNU અમદાવાદ**

---

## વરસાદ

**રાજ્યનાં અનેક ભાગોમાં ફરી એકવાર વરસાદની મોસમ શરૂ થઈ છે. ગઈકાલે રાજ્યનાં 69 તાલુકામાં હળવાથી મધ્યમ વરસાદ પડ્યો છે. કચ્છમાં ગઈકાલે સવારથી બફારા વચ્ચે બપોર બાદ વરસાદ વરસ્યો હતો.**

**જિલ્લા કંટ્રોલરૂમના જણાવ્યા મુજબ ગઈકાલથી અત્યાર સુધી ભુજમાં 60 મીલીમીટર, નખત્રાણા પંથકમાં 21 મીલીમીટર વરસાદ વરસ્યો હતો. તો અબડાસા, માંડવી, રાપર, લખપત અને ભચાઉ તાલુકામાં ઝાપટાથી પાણી વહી નિકળ્યા હતા.**

**ભુજમાં 2 ઈંચથી વધુ વરસાદ થવાથી શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાયા હતા. મહેદી કોલોનીમાં ઘરમાં લોકો ફસાયા હતા. જેમને ભુજ ફાયર બ્રિગેડની ટીમ દ્વારા રેસ્ક્યુ કરીને સલામત રીતે બહાર કઢાયામાં આવ્યા હતા.**

**આ વરસાદથી મગફળી અને કપાસની કાપણી કરીને ખળામાં રાખેલ તમામ માલ પલળી ગયો છે. જેના કારણે ખેડૂતોને નુકસાન થયુ છે. તો દાડમના પાકમાં ફુલ ખરી પડતા નુકશાન થવાની શક્યતાને કારણે ખેડુતો ચિંતામાં મુકાયા છે.**

**N.P**

---

## ક્રિકટ

મહિલા **T-20** વર્લ્ડ કપમાં શારજાહમાં ઓસ્ટ્રેલિયાએ ટૉસ જીતીને બેટિંગ કરવાનું પસંદ કર્યું હતું. ટીમે **20** ઓવરમાં **8** વિકેટ ગુમાવીને **151** રન બનાવ્યા હતા. ટીમ તરફથી તાહિલિયા મેકગ્રાએ **40** રન બનાવ્યા હતા. જવાબમાં ટીમ ઈન્ડિયા **9** વિકેટ ગુમાવીને **142** રન જ બનાવી શકી હતી. કેપ્ટન હરમનપ્રીત કૌરે **47** બોલમાં **54** રન બનાવ્યા હતા. ઓસ્ટ્રેલિયાએ ભારતને **9** રને હરાવ્યું છે. ભારતીય ટીમ **4** મેચમાંથી માત્ર **2** જ જીતી શકી હતી. હવે જો પાકિસ્તાન ન્યૂઝીલેન્ડને મોટા અંતરથી હરાવશે તો જ ટીમ ઈન્ડિયા સેમિફાઈનલ રમી શકશે.

**N.P**

---

## વ્યવસ્થાપન

**14**મી ઓક્ટોબરને વિશ્વ ઈ-વેસ્ટ વ્યવસ્થાપન દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે આ દિવસ રિટ્રાઈલ રિસાયકલ એન્ડ રિવાઈનની વિષયવસ્તુ સાથે ઉજવવામાં આવશે. ઇ-વેસ્ટમાં મુખ્યત્વે લેડ, મર્ક્યુરી અને કેડમિયમ જેવી અનેક પ્રકારની ઝેરી અને હાનિકારક ધાતુઓ હોય છે જે મોટા પ્રમાણમાં વાયુ, જળ અને જમીનમાં પ્રદૂષણ ફેલાવે છે. રાજ્યમાં કુલ **40** જેટલા અધિકૃત ઈ-વેસ્ટ રિસાઇકલ કરનાર સંસ્થા છે જેની કુલ ક્ષમતા **1.91** લાખ મેટ્રિક ટન પ્રતિ વર્ષ છે.

ઉલ્લેખનીય છે કે,વર્ષ **2018**થી વૈશ્વિક સંસ્થા "વેસ્ટ ફ્રોમ ઇલેક્ટ્રિકલ એન્ડ ઇલેક્ટ્રોનિક ઈક્વિપમેન્ટ ફોરમ" દ્વારા દર વર્ષે **14**મી ઓક્ટોબરે 'વિશ્વ ઈ-વેસ્ટ વ્યવસ્થાપન દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

**RNU અમદાવાદ**

---